**તા.૨૯ /૦૭/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ.**

**સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ..........**

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પટેલ કિન્નરીબેન અમીષભાઇ | પ્રમુખ |
| ૨. | ભંડારી કિરણભાઇ પરભુભાઈ | ઉપપ્રમુખ |
| ૩. | પટેલ છાયાબેન ઉમેશભાઇ | કારોબારી ચેરમેન |
| ૪. | ટંડેલ  નિમિષાબેન ગીરિશકુમાર | સભ્ય |
| ૫. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૬. | પટેલ સતિષભાઇ બાલુભાઈ | સભ્ય |
| ૭. | પટેલ કિરણભાઇ ભીખુભાઈ | સભ્ય |
| ૮. | પટેલ ઉર્વશી રાજેશભાઇ | સભ્ય |
| ૯. | પટેલ વિકાસ રાજેશભાઈ | સભ્ય |
| ૧૦. | પટેલ દિવ્યા કલ્પેશ | સભ્ય |
| ૧૧. | વાડીવાલા મહેન્દ્રભાઇ ભગુભાઈ | સભ્ય |
| ૧૨. | દેસાઇ ગિરીશભાઇ ભગવાનજીભાઇ | સભ્ય |
| ૧૩. | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૪. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૫. | પટેલ મનીષા વિજય | સભ્ય |
| ૧૬. | ભાનુશાલી કલ્પના રાજેશભાઇ | સભ્ય |
| ૧૭. | પટેલ હિતેશકુમાર ઈશ્વરલાલ | સભ્ય |
| ૧૮. | પટેલ ભારતીબેન મનોજભાઇ | સભ્ય |
| ૧૯. | સોલંકી સોનલ તેજસભાઇ (જૈન) | સભ્ય |
| ૨૦. | ગજધર વિમલ સુમંતરાય | સભ્ય |
| ૨૧. | પટેલ બાલકૃષ્ણ જીવરાજભાઈ | સભ્ય |
| ૨૨. | શેખ સબીના સાજીદ | સભ્ય |
| ૨૩. | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૨૪. | પટેલ રમેશભાઇ મંગળદાસ | સભ્ય |
| ૨૫. | કાઝી ઇમ્તિયાઝુદ્દીન મીયાંમોહમદ | સભ્ય |
| ૨૬. | દેસાઇ ઉર્મિ આશિષકુમાર | સભ્ય |
| ૨૭. | આહિર પંકજ ઠાકોરભાઇ | સભ્ય |
| ૨૮. | આહિર ઋષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૨૯. | ઓઝા ડો. પુષ્પાબેન રામજોર | સભ્ય |
| ૩૦. | પટેલ ભરતભાઇ છોટુભાઇ | સભ્ય |
| ૩૧. | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૩૨. | પટેલ સોનલબેન કિશોરભાઇ | સભ્ય |
| ૩૩. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઇ | સભ્ય |
| ૩૪. | પટેલ પ્રવીણભાઈ સોમાભાઇ | સભ્ય |
| ૩૫. | પટેલ હેતલકુમારી જયેશભાઇ | સભ્ય |
| ૩૬. | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |
| ૩૭. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૮. | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રી દ્વારા સભામાં ઉપસ્થિત સૌને આવકારવામાં આવ્યા.

ચોમાસાની સીઝનમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ઔરંગા નદીમાં પૂર આવવાથી પૂરના પાણી વલસાડ નગરપાલિકાના નીચાણવાળા વિસ્તારોમાં ભરાયેલ. જેથી સ્થાનિક લોકોને ઘરવખરી , તેમજ દાણા બજારમાં ખૂબ જ નુકશાન થવા પામેલ. જેમાં જીલ્લા વહીવટી તંત્ર , NDRF ની ટીમ, સ્થાનિક NGO , જીલ્લાની નગરપાલિકાનો સ્ટાફ , SMC સુરત સ્ટાફ , સભ્યશ્રીઓ સૌના સહકારથી વિકટ પરિસ્થિતીમાંથી ખુબ જ ટૂંકા સમયમાં સાફ-સફાઈ કરી લોકોનું જીવન ફરીથી પૂર્વવત થયું. જે માટે નગરપાલિકા ટીમ વતી સૌનો આભાર માનું છું.

કોરમ થઈ ગયેલ હોય, પ્રમુખશ્રીએ કારોબારી ચેરમેનશ્રીને એજન્ડાના કામો શરૂ કરવા જણાવ્યુ.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ, શ્રી નિતેશભાઈ વશી વિગેરે સૌએ વરસાદી પાણી અને પૂરની વિકટ સમસ્યા અને તેને લગતી સાફ-સફાઈની કામગીરી માટે સૌનો આભાર વ્યક્ત કર્યો. અને સફાઈ કામગીરીના વિલંબ બાબતે તાકીદ કરી.

સભ્યશ્રી નિતેશભાઈ વશી :- નગરપાલિકાના મહેકમના કર્મચારીઓની ૧૦૫ જગ્યાઓ મંજુરી બાદ પાંચ વર્ષ અગાઉ ક્લાર્ક તેમજ પટાવાળાને નિમણુંક હુકમો આપવામાં આવેલ છે. જેઓને કાયમી હુકમો થાય.જે અંગેનું કામ એજન્ડામાં સમાવવા તેમજ નિમણુંક હુકમો આપવા રજુઆતો કરી.

ચીફ ઓફિસરશ્રી/પ્રમુખશ્રી : મંજુર થયેલ મહેકમની નિયત ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી મળવાપાત્ર લાભો મળે. જે માટે આજની સામાન્ય સભામાં ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણય લઈએ.

કામ નં.-૧.

વિષય :- તા:૨૯/૦૪/૨૦૨૨ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂરી કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

સભ્યશ્રીઓ દ્વારા વાહનવેરા RTO સાથે સંકલન કરી નગરપાલિકા વિસ્તારના વાહન પાર્સિંગ વીમો લેવાનું સૂચન કર્યું.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ ગત સામાન્ય સભાના કામોની યાદી ન મળવાથી પોતાનો વાંધો સુચવ્યો.

સભ્યશ્રી સોનલબેન પટેલે વ.કા.નં.૧૬ માં પોતાનો વાંધો નોંધાવ્યો.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, પ્રમુખશ્રી અને ચેરમેનશ્રીને કામો નક્કી કરવાની સત્તા આપેલ છે.

સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ : કામ નં-૮ માં વર્કઓર્ડર આપેલ છે. જેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવા રજુઆત કરી.

ઠરાવ.:

તા: ૨૯/૦૪/૨૦૨૨ ના રોજ મળેલ ખાસ સાધારણ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. આવેલ સૂચનોની નોંધ લઈ જે વંચાયેલી ગણી કન્ફર્મ કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર..

કામ નં.-૨.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની દરેક શાખાઓમાં વપરાશ માટેની જુદી જુદી જરૂરિયાત મુજબની ફાઈલ , કોમ્પ્યુટર પેપર, પોર્ટ ફોલિયા, વિગેરે વાર્ષિક મંજુર થયેલ ભાવે ખરીદ કરવામાં આવેલ. જે અંગે બીના સ્ટેશનરી, નવસારીની બીલ રૂ.૫૪,૨૯૮/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાની દરેક શાખાઓમાં વપરાશ માટેની સ્ટેશનરી, પૂરી થવા આવેલ હોય જેથી જુદી જુદી જરૂરિયાત મુજબની સ્ટેશનરી, જેવી કે, ફાઈલ , કોમ્પયુટર પેપર, પોર્ટ ફોલિયા, વિગેરે ખરીદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ હોય, જે સને ૨૦૨૧-૨૦૨૨ ના કા.સ.ઠ.નં. ૨૮૫ / તા:૨૧/૦૨/૨૦૨૨ ના વાર્ષિક ટેન્ડરના મંજુર થયેલ ભાવે ખરીદ કરવામાં આવેલ છે. જે અંગે બીના સ્ટેશનરી, નવસારીનું બીલ નં. ૨૯/ તા.:૨૯/૦૪/૨૦૨૨ થી રૂ. ૫૪,૨૯૮/- પુરાનું બીલ અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવાનું તથા ખર્ચ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ની ભલામણ મુજબ , શ્રી શૈલેશ ટી. રાવત, હેડકલાર્ક, વલસાડ નગરપાલિકાની અંગત કારણોસર તા.:૩૦/૦૯/૨૦૨૨ ના રોજ કચેરી સમય બાદ સ્વૈચ્છિક નિવૃત્તિની માંગણી કરતી તા.:૨૯/૦૬/૨૦૨૨ ની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ઠરાવ :

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં સેનેટરી ઇન્સ્પેક્ટર તરીકે કાયમી નિમણુંક મેળવી હાલે વહીવટી શાખામાં હેડ ક્લાર્કની જગ્યા ઉપર ફરજ બજાવે છે. તેમણે અંગત કારણોસર તા.:૩૦/૦૯/૨૦૨૨ ના રોજ કચેરી સમય બાદ સ્વૈચ્છિક નિવૃત્તિની માંગણી કરતી આવક નંબર.: ૧૮૨૬ / તા.:૨૯/૦૬/૨૦૨૨થી આવેલ અરજી અંગે ચર્ચા વિચારણાના અંતે, સદરહું સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેનું આવેલ કામ અંગે હાલે નગરપાલિકામાં ૨૨૫ જગ્યાઓ ખાલી હોય , જુના કર્મચારીઓ ઓછા હોય , વિધાનસભા તેમજ નગરપાલિકાની ચૂંટણી કામગીરીની અગત્યતાને ધ્યાનમાં લઈ કામગીરીને પહોંચી વળવા તા:૩૧/૧૨/૨૦૨૨ ના રોજ કચેરી સમય બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , વ્યવસાય વેરા ગ્રાન્ટ (૧૮-૧૯) હેઠળ ધરાનગર સોસાયટી અબ્રામા વિસ્તારમાં ડામર રોડની વધારાની કામગીરીનું રૂ.૮,૭૯,૧૧૯/- પૂરાનો ખર્ચ મંજુર કરવા અંગે નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીના ગુજરાત મ્યુનિ.ફા.બોર્ડના પત્ર ક્રમાક : મફબ/ વ્યવસાયવેરા/ (૫૦%) / ન.પા./ ૨૦૧૮-૧૯ / ૨૦૧૯/ ૪૪૩૬/ તા.૨૫-૧૦-૨૦૧૯થી વલસાડ નગરપાલિકાને રૂા.૫૦,૦૪,૩૮૩/- પુરાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા દ્વારા જનરલ બોર્ડ ઠરાવ નં-૭૭૫/તા.૨૮-૦૧-૨૦૨૦ થી કુલ-૦૪ ડામર રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે. જે કામો પૈકી નીચે જણાવ્યા મુજબના ૦૨(બે) કામોની નાયબ કાર્યપાલક ઇજનેર , માર્ગ અને મકાન , વલસાડ ખાતેથી જરૂરી તાંત્રિક મંજૂરી માર્ચ-૨૦૨૦ થી મેળવેલ છે. જે અન્વયે સદરહુ કામોની વહીવટી મંજૂરી મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી , (સાઉથ ઝોન), સુરત ખાતે તા.૧૮-૦૮-૨૦૨૧ થી મેળવેલ છે. જે મળેલ વહીવટી મુજબ નગરપાલિકામાં નિમણૂક પામેલ કન્સ્લટન્ટશ્રી ક્રિષ્ણા કન્સ્લટન્ટ, આણંદને ઓનલાઈન ટેન્ડર કરવાની કામગીરી કરાવેલ, વિશેષમાં સદરહુ કામે કન્સ્લટન્ટશ્રીના તા.૦૨-૦૩-૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા મુજબ અંદાજો બનાવતી વખતે માપોની ગણતરીમાં ભુલ રહેલ હોય, જેનું ટેન્ડર બનાવતા પહેલા ભુલ ધ્યાનમાં આવેલ છે. સદરહુ બાબતે વહીવટી મંજૂરી મળેલ ૦૨ કામો પૈકીનું કામ ધારાનગર સોસાયટી ,અબ્રામાની આંતરિક ગલીઓમાં ડામર રોડ બનાવવાના કામે કન્સ્લટન્ટ દ્વારા તાંત્રિક મંજૂરી મેળવવા માટે બનાવેલ અંદાજપત્રોમાં એસ્ટીમેન્ટની રકમમાં રૂા.૯ ,૯૯,૫૦૦/- ઓછી રકમનો એસ્ટીમેન્ટ બનાવેલ છે. જેથી સદરહુ ભુલ વહીવટી મંજૂરી મળ્યાબાદ ઓનલાઈન ટેન્ડરની પ્રક્રિયા કરતાં કન્સ્લટન્ટશ્રીને જણાય આવેલ હતી. જેથી સદરહુ બાબતે કન્સ્લટન્ટશ્રી દ્વારા રૂા.૯ ,૯૯,૫૦૦/- ની રકમનો ઉમેરો કરી કુલ રૂા.૨૮ ,૩૦,૬૦૦/- પુરાનું ઓનલાઈન ટેન્ડર બનાવવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા કન્સ્લટન્ટશ્રી દ્વારા બનાવવામાં આવેલ ટેન્ડરને નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધ કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૪૮૬૬૩૯) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-૦૩ ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ કટેન્ડર ડોકયુમેન્ટ તા.૦૧-૧૧-૨૦૨૧ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરરોના આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ ક્રિષ્ણા કન્સ્લટન્ટ ,આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઇડ થયેલ ટેન્ડરરોના ઓનલાઈન ટેન્ડરતા.૦૨-૧૧-૨૦૨૧ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. ટેન્ડરરશ્રી અજય બી.આહિર ,કપરાડાનું ટેન્ડર કા.સ.ઠ.નં-૨૩૯/ તા.૧૧-૧૧-૨૦૨૧ થી મંજૂર કરવામાં આવેલ. જે અન્વયે એજન્સી દ્વારા ધારાનગર સોસાયટી ,અબ્રામાની આંતરિક ગલીઓમાં ડામર રોડ બનાવવાના કામે સ્થળ ઉપર કરેલ કામગીરીનું બીલ રૂા.૨૭ ,૧૦,૨૧૯/- પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે આવેલ બીલ અન્વયે મળેલ તાંત્રિક મંજૂરી અને વહીવટી મંજૂરી મુજબ એજન્સીને રૂા.૧૮,૩૧,૧૦૦/- પુરાનું ચૂકવણૂ કરવામાં આવેલ છે. અને બાકી રહેતી રકમ રૂા.૮ ,૭૯,૧૧૯/- પુરાનું ચૂકવણૂ કરવાનું થાય છે. અને સદરહુ એજન્સી દ્વારા સ્થળ ઉપર કરવામાં આવેલ કામગીરીને બહાલ રાખી , કરાવેલ કામગીરી નું બાકી રહેલ રકમનું બીલ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૫.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , જીલ્લા આયોજન કચેરીના પત્ર ક્રમાંક અજન/સૈ.મં. / ધારાસભ્ય ફંડ/૬૩૮/૨૦૨૨-૨૩ તા:૧૨-૦૬-૨૦૨૨ નાં પત્ર બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી કલ્પના રાજેશભાઈ ભાનુશાલી

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , જીલ્લા આયોજન કચેરીના પત્ર ક્રમાંક અજન/સૈ.મં. / ધારાસભ્ય ફંડ/૬૩૮/૨૦૨૨-૨૩ તા:૧૭ -૦૬-૨૦૨૨ થી વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબના કુલ-૧૮ કામોનું પેવરબ્લોક બેસાડવાના કામે રૂ.૪૪.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. સદરહું કામગીરી કરવા માટે મંજુર કરેલ કામોની મંજુર કરવામાં આવેલ રકમ અન્વયેના નીચે જણાવ્યા મુજબ કામોની જરૂરી તાંત્રિક મંજુરી મેળવી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામનું વર્ણન | એસ્ટીમેઈટની રકમ | મંજુર કરેલ રકમ રૂ. |
|---|---|---|---|
| 1 | વોર્ડ નં.-૧ ઈંટનાં ભઠ્ઠા તરફના ખડકી ભાગડા આમલીયાવાડ સકારામની પાછળ રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 3,50,000 | 3,50,000 |
| 2 | વોર્ડ નં.-૨ ટેકરા ફળિયું વલસાડ પારડી અમિતભાઈ દેસાઈના મહોલ્લા તરફ જતા રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 1,00,000 | 1,00,000 |
| 3 | વોર્ડ નં.-૨ મેઈન રોડથી પ્રતિક્ષા એપાર્ટમેન્ટ તરફ જતા રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 4,00,000 | 4,00,000 |
| 4 | વોર્ડ નં.-૫ મેઈન રોડથી વૈભવ કોમ્પલેક્ષ સુધીનો પેવર બ્લોક રસ્તો. | 2,25,000 | 2,25,000 |
| 5 | વોર્ડ નં.-૬ રામજી ટેકરા સદગુરૂ એપાર્ટમેન્ટ પાસેના રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 3,50,000 | 3,50,000 |
| 6 | વોર્ડ નં.-૭ વડચોક ગટુભાઈ જરીવાળાના ઘરથી બાબુભાઈના ઘર સુધીનો પેવર બ્લોક રસ્તાનું કામ. | 3,00,000 | 3,00,000 |
| 7 | વોર્ડ નં.-૮ તીથલ ક્રોસ રોડ સુદામા સદન પાસે રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 4,00,000 | 4,00,000 |
| 8 | વોર્ડ નં.-૯ નરેન્દ્રભાઈ રાજપૂત ગલી ટીવી રીલે કેન્દ્રની સામેના રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 3,00,000 | 3,00,000 |
| 9 | વોર્ડ નં.-૧૦ સોના પ્લોટ પાસેના નગરપાલિકા હસ્તકના કોમન પ્લોટ મેઈન રોડ તરફ જતો પેવર બ્લોક રસ્તો. | 4,25,000 | 4,25,000 |
| 10 | વોર્ડ નં.-૧૦ સોના નગર પાસેના નગરપાલિકા હસ્તકના કોમન પ્લોટમાં વોક વે પેવર બ્લોક રસ્તાનું કામ. | 3,50,000 | 3,50,000 |
| 11 | વોર્ડ નં.-૧૦ કોલસી ફળિયામાં બીના નગર તરફ જતાં મેઈન રોડથી અરૂણભાઈ કંટોલવાલાના ઘર તરફ જતો પેવર બ્લોક રસ્તાનું કામ. | 3,00,000 | 3,00,000 |
| 12 | વોર્ડ નં.-૫ મદનવાડ નારણદાસ રોડ પર આવેલ પાણીની ટાંકી પાસે પેવર બ્લોક રસ્તાનું કામ. | 2,00,000 | 2,00,000 |
| 13 | વોર્ડ નં.-૫ ગોપી ફળિયા ટેકરાથી નયનભાઈના મહોલ્લા તરફ જતો પેવર બ્લોક રસ્તો. | 1,00,000 | 1,00,000 |

| | | | |
|---|---|---|---|
| 14 | વોર્ડ નં.-૫ વિશાલ કોમ્પલેક્ષ પાસે શાકભાજી માર્કેટ નાની ખત્રીવાડનો આંતરિક પેવર બ્લોક રસ્તો. | 1,00,000 | 1,00,000 |
| 15 | વોર્ડ નં.-૫ નારણદાસ રોડથી આદિવાસી વિસ્તાર તરફ જતો પેવર બ્લોક રસ્તો. | 1,50,000 | 1,50,000 |
| 16 | વોર્ડ નં.-૫ સરકારી સંઘની બાજુમાં હરિજનવાસમાં પેવર બ્લોક રસ્તાનું કામ. | 1,50,000 | 1,50,000 |
| 17 | વોર્ડ નં.-૫ છીપવાડ ભરતભાઈ પ્રજાપતિના ઘર પાસેના જકાત નાકાની સામેના રસ્તા પર પેવર બ્લોકનું કામ. | 1,00,000 | 1,00,000 |
| 18 | વોર્ડ નં.-૫ કાપડિયા ચાલની પાછળ મનુભાઈના મહોલ્લામાં આંતરિક પેવર બ્લોક રસ્તાનું કામ. | 1,00,000 | 1,00,000 |

સ.મ.મંજુર..

કામ નં.- ૬ .

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, ૧૫મું નાણાપંચ (૨૦૨૧ -૨૨) હેઠળ, નગરપાલિકા હદ વિસ્તારના કામો બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

સભ્યશ્રી કલ્પનાબેન ભાનુશાલી અને શ્રી બાલકૃષ્ણ જે.પટેલ ગયા.

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, નામદાર સરકારશ્રીની ૧૫મું નાણાપંચની (૨૦૨૧-૨૨) યોજના હેઠળ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ,ગાંધીનગરના હુકમ ક્રમાંક:મફબ/યુ-૨/૧૫મું નાણાંપંચ/પ્રથમ હપ્તો (અનટાઈડ)/૨૦૨૧-૨૨/૧૧૬૧૮/તા:૧૭/૦૮/૨૦૨૧ થી રૂ ।.૯૩,૨૫,૯૨૮/- પૂરાની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ. જે ગ્રાન્ટ પૈકી જનરલ બોર્ડ ઠરાવ નં.૮૭/તા:૨૯/૧૦/૨૦૨૧ થી કુલ-૧૦ વિકાસલક્ષી કામો મંજૂર કરવામાં આવેલ. જે અન્વયે સરકારશ્રીમાં દરખાસ્ત કરતાં પ્રાદેશિક કમિશ્નરશ્રી ,સુરતના પત્રક્રમાંક: RCMO / SRT / ૧૫માં નાણાંપંચ / અનટાઈડ / ૨૦૨૧-૨૨ / વહીવટીમંજુરી / વલસાડ / DEXN-1/ વશી - ૧૭૭ ,૧૭૯/ ૨૦૨૨/ તા:૦૬/૦૬/૨૦૨૨, જા.નં.૬૦૭૫ થી ૬૦૮૨ થી કુલ-૦૮ કામોની રૂા.૭૩ ,૮૦,૯૬૦/- પુરાથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ. તેમજ કુલ મંજૂર કરવામાં આવેલ ૧૦ કામો પૈકી (૧) અમૃતશેરી કુંકણાવાડમાં ટ્રીમીક્ષ રોડનું કામ , તેમજ (૨) વૈભવ એપાર્ટમેન્ટ, વીર એન્ટરપ્રાઇઝની બાજુમાં ,છીપવાડ વિસ્તારમાં પેવરબ્લોકનું કામ એમ ૦૨ કામો સ્થળ તપાસ કરતાં નામંજૂર કરવામાં આવેલ. જેથી સદરહુ ઉપરોક્ત જણાવેલ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ કુલ ગ્રાન્ટ પૈકી કુલ રૂા.૧૯ ,૪૪,૯૬૮/- પુરાની ગ્રાન્ટનું આયોજન કરવાનું થાય છે. તો સદરહુ બાબતે રૂા.૧૯ ,૪૪,૯૬૮/- પુરાની ગ્રાન્ટમાંથી વિકાસલક્ષી કામોનું આયોજન કરવા પ્રમુખશ્રી અને ચેરમેનશ્રી કારોબારી સમિતિને સત્તા આપવાનું તથા આગામી જરૂરી કાર્યવાહી કરવા મુખ્ય અધિકારીશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૭.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88- ત્રી.ત.(2020-21)હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં " ટી.વી. રીલે કેન્દ્ર પાસે અન્ડર ગ્રાઉન્ડ સંપ તેમજ ઓવરહેડ પાણીની ટાંકી બનાવવાના કામ (૪.૫૦ લાખ લીટર) ના કામના રૂ.૧,૮૧,૩૩,૦૦૦/- પુરાના કામો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : ડૉ. પુષ્પા આર.ઓઝા

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ ,નામદાર સરકારશ્રીની ગુજરાત મ્યુનિ.ફાઇનાન્સ બોર્ડના પત્રક ક્રમાંક નં. દ. હ. નં. મફબ/ SJMMSVY – UDP – 88 / ત્રી.ત. / 2020 - 21/ ન.પા. -આં.મા.વિ. / પ્ર.હ. / ૨૦૨૦/ ૧૨૨૧૧/તા:૦૫/૦૮/૨૦૨૦ થી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે નગરપાલિકા દ્વારા જ.બો.ઠ.નં.-૮૬૨/ તા:૦૯/૧૧/૨૦૨૦ થી વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા પ્રકારના વિકાસલક્ષી કુલ-૨૯ કામો મંજુર કરવામાં આવેલ. જે મંજુર કરવામાં આવેલ કામો પૈકી એક કામ "ટીવી રીલે કેન્દ્ર પાસે અંડરગ્રાઉન્ડ સંપ તેમજ ઓવર હેડ પાણીની ટાંકી બનાવવાનું કામ (૪.૫૦ લાખ લીટર) ના કામની રૂ ા.૧,૮૧,૩૩,૦૦૦/- પુરાનું કામ અન્ય યોજનામાં સમાવેશ કરવાનું આયોજન હાથ ધરેલ હોય , જેથી સદરહુ મંજુર થયેલ કામની રકમ અન્વયે અન્ય વિકાસલક્ષી કામોનું આયોજન કરવા પ્રમુખશ્રી અને ચેરમેનશ્રી કારોબારી સમિતિને સત્તા આપવાનું તથા આગામી જરૂરી કાર્યવાહી કરવા મુખ્ય અધિકારીશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૮.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં શહીદ ચોક વિસ્તારમાં રમેશ બેકરી સુધી વરસાદી ગટર બનાવવાના કામે ઠેકેદારશ્રી શાંતિલાલ કે. બારિયા,વલસાડને રૂ.૧૪,૨૨,૫૯૭ /-પુરાનું બિલનું ચુકવણું કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી નિમિષાબેન જી.ટંડેલ

ઠરાવ :

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શહિદ ચોક પાસે આવેલ ગ્રાઉન્ડનું તેમજ આજુ-બાજુના વિસ્તારનું ચોમાસાની સીઝનમાં વરસાદી પાણી શહિદ ચોક ચાર રસ્તા થઈ માજી વિધાનસભા અધ્યક્ષ માન.બરજોરજી પારડીવાલા તેમજ હાલ સુપ્રિમકોર્ટના જજ સાહેબશ્રી જમસેદજી બરજોરજી પારડીવાલાના ઘર થઈ રમેશ બેકરી સુધીના વિસ્તારમાં ખુબજ વરસાદી પાણીનો ભરાવો થાય છે. જેથી સદરહુ વિસ્તારમાં શાકભાજી માર્કેટ, મચ્છી માર્કેટ તેમજ મટન માર્કેટ ,વિગેરે આવેલ છે. જેથી સદરહુ વિસ્તારમાં શહેરીજનોની અવર-જવર ખુબજ હોય છે. અને સદરહુ વિસ્તારમાં ચોમાસાની સીઝનમાં વરસાદી પાણીનો ભરાવો થવાથી આવતા શહેરીજનોને ખુબજ મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે. જેથી સદરહુ બાબતે સદરહુ વિસ્તારમાં રહીશો તેમજ વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓની વારંવાર રજૂઆતો આવતી રહે છે. જેથી સદરહુ બાબતની અગત્યતા ધ્યાને લઈ વરસાદી પાણી ભરાવાનો પ્રશ્નનો કાયમી નિકાલ કરવા માટે સદરહુ વિસ્તારમાં વરસાદી ગટર (બોક્ષ ડ્રેઇન) બનાવવાની જરૂરીયાત હોય, જેથી સદરહુ કામગીરી તાકીદે કરવા માટે ચોમાસુસત્ર-૨૦૨૧ ને ધ્યાને લઈ ઠેકેદારશ્રી શાંતિલાલ કે.બારીયા,વલસાડનાઓ પાસે કા.સ.ઠ.નં-૨૭૭/તા.૧૨-૧૧-૨૦૨૦ થી મંજૂર થયેલ ભાવોથી ઉપરોક્ત જગ્યાએ વરસાદી ગટર (બોક્ષ ડ્રેઇન) બનાવવાના કામે એજન્સીને વર્કઓર્ડર આપી કામગીરી કરાવવામાં આવેલ છે. અને સદરહુ કરાવેલ કામગીરીને બહાલ રાખી ચૂકવણું કરવા માટે જ.બો.ઠ.નં-૬૭ / તા.૩૧-૦૭-૨૦૨૧ તેમજ જ.બો.ઠ. નં-૧૬૬ / તા.૦૭-૦૩-૨૦૨૨ થી ઠરાવ્યા સદરહુ કામગીરીને ૧૪મું નાણાપંચની યોજનામાં સમાવેશ કરી ચૂકવણું કરવાનું મંજૂર કરવામાં આવેલ છે.

વધુમાં , ઉપરોક્ત કરેલ કામગીરી અન્વયે કારોબારી કમિટીમાં જરૂરી ચર્ચા વિચારણા કરી સરકારશ્રીની ૧૪મું નાણાપંચની યોજના હેઠળની ગ્રાન્ટમાં થી નિયમોનુસાર કાર્યવાહી થઈ શકે એમ નથી. જેથી સદરહુ ઉપરોક્ત કરાવેલ કામગીરીને બહાલ રાખી એજન્સીશ્રી શાંતિલાલ કે.બારીયા ,વલસાડ દ્વારા કરવામાં આવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૧૪,૨૨,૫૯૭/- પુરાનો ખર્ચ મંજૂર કરી બીલનું ચૂકવણું નગરપાલિકા સ્વભંડોળ માથી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૯.

વિષય :- વલસાડ નગરપાલિકા હસ્તકના શોપીંગ મોલની રકમ જમા કરાવવા અંગેની મુદ્દતમાં વધારો કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

નગરપાલિકા હસ્તક પ્લોટ નંબર ૧૧૮/૨ ટી.પી. સ્કીમ નંબર-૧ પ્લોટ એરીયા ૧૦૦૦ ચો.મી.ઉપર નગરપાલિકા દ્વારા શોપીંગ મોલ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવેલ છે. જેમાં ગ્રાઉન્ડ તથા ત્રણ માળનું બાંધકામ કરવામાં આવેલ છે. જેનું ઈ-ઓક્શનથી તા:૨૮-૦૮-૨૦૧૭ તેમજ તા:૩૦-૦૮-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ. જેમાં ગ્રાઉન્ડફ્લોર ને ફક્ત એક (૧) ઓફિસ (દુકાન)નું વિધીવત બીડ મંજુર થયેલ જ્યારે અન્ય દુકાનો ઓફિસોનું ક્ષેત્રફળ વધુ હોય ઓક્શનના ભાગ લેનારા તરફથી બીડ રજુ થયેલ નહી. જે અને ઓછા ક્ષેત્રફળની નાની ઓફિસ દુકાનો બનાવવાનું રજુઆતો થયેલ જેને ધ્યાનમાં લઈ નગરપાલિકા સામાન્ય સભા ઠરાવ નં-૧૮૦/તા:૦૭/૦૩/૨૦૨૨ મુજબ પાર્ટીશન કરી ઓછા ક્ષેત્રફળની દુકાનો/ ઓફિસો બનાવવા પ્લાન તૈયાર કરી ઓફલાઇન ઓક્શન કરવાનું ઠરાવેલ તે મુજબ બહોળી જાહેરાત કરી જાહેર હરાજીથી તા:૦૫/૦૫/૨૦૨૨ ના રોજ હરાજી રાખવામા આવેલ ,જેમાં કુલ દુકાન/ઓફિસ ૨૭ ગ્રાઉન્ડતથા ત્રણ માળની જાહેર હરાજી રાખવામાં આવેલ. જેમાં ૫૮ ઇસમોએ હરાજીમાં ટોકન લઈ ભાગ લીધેલ જે પૈકી ૧૬ જેટલી દુકાનોનું બીડ મંજુર થતાં જાહેર હરાજી થયેલ. સદર જાહેર હરાજીમાં અપસેટ રકમ ઉપર જો દુકાનના દસ્તાવેજ કરવામાં આવે તો તેના પર ૧૮% જી.એસ.ટી. લેવાનો થાય છે. એવુ સુચન ચીફ ઓફિસરશ્રીએ રજુ કરી અપસેટ રકમ ઉપર ૧૮% જી.એસ.ટી.ની રકમ ઉમેરી જેના પર બોલી બોલવાનું જણાવતા સદર દુકાનોના જાહેર હરાજીમાં મંજુર થયેલ બીડના ઇસમોએ ૧૮% જી.એસ.ટી સાથેની રકમ મંજુર કરેલ અને સુચન કરેલ. જો નિષ્ણાંતોના અભિપ્રાય મુજબ વેચાણ દસ્તાવેજ ન થઈ શકે તો નગરપાલિકા તથા દુકાન/ઓફિસ લેનાર અને બેન્ક સાથે કરાર કરવાનો રહેશે. જેના રજીસ્ટ્રેશન ફી જી.એસ.ટી.ની નગરપાલિકા હસ્તક જમા રકમમાંથી જરૂરી રજીસ્ટ્રેશન ફી નગરપાલિકાએ ભરવાનું ઠરાવવામાં આવે છે. તથા જાહેર હરાજીની શરતો મુજબ હરાજી બીડ મંજુર થનાર ઇસમોએ ૧૦% રકમ ભરપાઈ કરેલ છે. હાલમાં નગરપાલિકાએ જરૂરી ટેન્ડરો કરી દુકાન/ઓફિસોના પાટીશન વિગેરેની કામગીરી તથા લીફ્ટ અંગેની કામગીરી માટે જરૂરી ટેન્ડરો પ્રસિધ્ધ કરી વર્ક ઓર્ડર આપી કામગીરી પૂર્ણ કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. બીડમાં મંજુર થયેલ દુકાનો ઇસમો દ્વારા થયેલ રજુઆતને ધ્યાનમાં લઈ જાહેર હરાજીની શરતો મુજબ બાકીની રકમ જમા કરવા મુદ્દતમાં વધારો કરવાનું હોય, આથી ઠરાવવામાં આવે છે કે, મોલનું તમામ કામ પૂર્ણ થતાં જેને દુકાન/ઓફિસ રાખનાર મંજુર થયેલ બીડના ઇસમોને લેખિત જાણ કરી કબજો સુપ્રત કરવાના સમયે ૩૦ (ત્રીસ) દિવસની અંદર બાકીની રકમ જમા કરાવવી અને બેન્ક લોન અંગે જરૂરી રજીસ્ટ્રેશન નગરપાલિકા દ્વારા કરી આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૦.

વિષય :- ધરમપુર મેઇનરોડથી અબ્રામા ઝોન ઓફિસ તરફ જતાં રસ્તાનું નામકરણ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ

ઠરાવ.:

ધરમપુર મેઇનરોડથી અબ્રામા ઝોન ઓફિસ તરફ જતાં રસ્તાનું નામ સેવાભાવી વ્યક્તિની યાદમાં " શ્રી ધીરૂભાઈ ઉર્ફે પરાગજી રણછોડજી નાયક" નામકરણ કરવા નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૧.

વિષય :- નામ.સરકારશ્રીની વ્યવસાય વેરા ૨૦૨૦-૨૧ હેઠળ ડામર રોડના આવેલ ટેન્ડર અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, નામદાર સરકારશ્રીની વ્યવસાયવેરા ગ્રાન્ટ (૨૦૨૦-૨૧) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ ડામર રોડ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી બીજા પ્રયત્ને ઓનલાઈન ટેન્ડરીંગ કરવામાં આવતા (ટેન્ડર આઈ.ડી.નં-પ૨૩૦૮૧) મુદ્દત દરમ્યાન કુલ-૦૨ ((૧).મે.જે.એમ.શાહ,મરોલી અને (૨).રાજ એન્ડ કંપની,વલસાડ) ટેન્ડરો આવેલ છે.

ઉપરોક્ત આવેલ ટેન્ડરો પૈકી ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની,વલસાડ બાબતે જણાવવાનું કે, અગાઉ નામદાર સરકારશ્રીની યોજના હેઠળ ડામર રોડ બનાવવાના કામે ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની ,વલસાડનું ટેન્ડર વલસાડ નગરપાલિકાના કા.સ.ઠ.નં-૪૬/તા.૧૯-૦૫-૨૦૧૭ થી ટેન્ડર મંજુર કરવામાં આવેલ. પરંતુ ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની , વલસાડને સોપવામાં આવેલ ડામર રસ્તા બનાવવાની કામગીરી યોગ્ય ગુણવત્તા યુક્ત ન હોવાથી એજન્સીશ્રી રાજ એન્ડ કંપની,વલસાડના બાકી રહેલ કામો રદ કરવામાં આવેલ છે અને પુર્ણ કરેલ કામો પૈકી ખરાબ થયેલ રસ્તાઓ અન્ય એજન્સી પાસેથી પુન :રીપેર કરવાનું વલસાડ નગરપાલિકાના જ.બો.ઠ.નં-૩૪૧/તા.૨૭-૦૭-૨૦૧૭ થી ઠરાવવામાં આવેલ છે.

વધુમાં , અગાઉ નામદાર સરકારશ્રીની ૧૪મું નાણાપંચની યોજના હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા-જુદા સ્થળોએ ડામર રસ્તા બનાવવાના કામે L1 તરીકે ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની , વલસાડનું ઓનલાઈન ટેન્ડર આવેલ. પરંતુ જ.બો.ઠ.નં-૩૪૧/તા.૨૭-૦૭-૨૦૧૭ ના ઠરાવને ધ્યાને લઈ ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની ,વલસાડનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ નથી અને L2 આવેલ ટેન્ડરરશ્રી પાસેથી L1 ના આવેલ ભાવોથી કામગીરી કરાવવાનું વલસાડ નગરપાલિકાના જ.બો.ઠ.નં-૮૯૭/તા.૧૯-૧૧-૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે.

જેથી ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ નામદાર સરકારશ્રીની વ્યવસાયવેરા ગ્રાન્ટ (૨૦૨૦-૨૧) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ ડામર રોડ બનાવવાના કામે બીજા પ્રયત્ને આવેલ ટેન્ડરમાં (ટેન્ડર આઈ.ડી.નં-પ૨૩૦૮૧) અગાઉ થયેલ ઠરાવોને ધ્યાને લેતા ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની ,વલસાડનું ટેન્ડર ખુલ્લુ ન કરવાનું તેમજ ટેન્ડરરશ્રી જે.એમ.શાહ,મરોલીનું ટેન્ડર ખુલ્લુ કરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૨.

વિષય :- નામ.સરકારશ્રીની મનોરંજન કર ગ્રાન્ટ ૨૦૧૯-૨૦ હેઠળ વોર્ડ નં.૧૦ શાંતિ નગર સોસાયટીમાં ડામર રોડ બનાવવા અંગેના આવેલ ટેન્ડર અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની મનોરંજનકર ગ્રાન્ટ (૨૦૧૯-૨૦) હેઠળ વોર્ડ નં-૧૦ શાંતિનગર સોસાયટીમાં ડામર રોડ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી બીજા પ્રયત્ને ઓનલાઈન ટેન્ડરીંગ કરવામાં આવતા (ટેન્ડર આઈ.ડી.નં-૫૨૩૦૭૩) મુદ્દત દરમ્યાન કુલ-૦૨ ((૧).મે.જે.એમ.શાહ,મરોલી અને (૨).રાજ એન્ડ કંપની,વલસાડ) ટેન્ડરો આવેલ છે.

ઉપરોક્ત આવેલ ટેન્ડરો પૈકી ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની ,વલસાડ બાબતે જણાવવાનું કે , અગાઉ નામદાર સરકારશ્રીની યોજના હેઠળ ડામર રોડ બનાવવાના કામે ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની ,વલસાડનું ટેન્ડર વલસાડ નગરપાલિકાના કા.સ.ઠ.નં-૪૬/તા.૧૯-૦૫-૨૦૧૭ થી ટેન્ડર મંજુર કરવામાં આવેલ. પરંતુ ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની , વલસાડને સોપવામાં આવેલ ડામર રસ્તા બનાવવાની કામગીરી યોગ્ય ગુણવત્તા યુક્ત ન હોવાથી એજન્સીશ્રી રાજ એન્ડ કંપની,વલસાડના બાકી રહેલ કામો રદ કરવામાં આવેલ છે અને પુર્ણ કરેલ કામો પૈકી ખરાબ થયેલ રસ્તાઓ અન્ય એજન્સી પાસેથી પુન :રીપેર કરવાનું વલસાડ નગરપાલિકાના જ.બો.ઠ.નં-૩૪૧/તા.૨૭-૦૭-૨૦૧૭ થી ઠરાવવામાં આવેલ છે.

વધુમાં , અગાઉ નામદાર સરકારશ્રીની ૧૪મું નાણાપંચની યોજના હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા-જુદા સ્થળોએ ડામર રસ્તા બનાવવાના કામે L1 તરીકે ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની , વલસાડનું ઓનલાઈન ટેન્ડર આવેલ. પરંતુ જ.બો.ઠ.નં-૩૪૧/તા.૨૭-૦૭-૨૦૧૭ ના ઠરાવને ધ્યાને લઈ ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની,વલસાડનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ નથી અને L2 આવેલ ટેન્ડરરશ્રી પાસેથી L1 ના આવેલ ભાવોથી કામગીરી કરાવવાનું વલસાડ નગરપાલિકાના જ.બો.ઠ.નં-૮૯૭/તા.૧૯-૧૧-૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે.

જેથી ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ નામદાર સરકારશ્રીની મનોરંજનકર ગ્રાન્ટ (૨૦૧૯-૨૦) હેઠળ વોર્ડ નં-૧૦ શાંતિનગર સોસાયટીમાં ડામર રોડ બનાવવાના કામે બીજા પ્રયત્ને આવેલ ટેન્ડરમાં (ટેન્ડર આઈ.ડી.નં-૫૨૩૦૭૩) અગાઉ થયેલ ઠરાવોને ધ્યાને લેતા ટેન્ડરરશ્રી રાજ એન્ડ કંપની ,વલસાડનું ટેન્ડર ખુલ્લુ ન કરવાનું તેમજ ટેન્ડરરશ્રી જે.એમ.શાહ,મરોલીનું ટેન્ડર ખુલ્લુ કરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૩.

વિષય :- વલસાડ નગરપાલિકા હદમાં ભારે થી અતિભારે વરસાદના કારણે નુકશાન થયેલ રસ્તાઓને GSB મટીરીયલ્સથી મરામત કરવા અંગેનો અંદાજિત ખર્ચ રૂ|.૩૫ લાખ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , ચોમાસુસત્ર-૨૦૨૨ સીઝનમાં તા.૧૦-૦૭-૨૦૨૨ થી તા.૧૫-૦૭-૨૦૨૨ થી વલસાડ શહેરમાં ભારેથી અતિભારે વરસાદ પડેલ તેમજ ઉપરવાસમાં પણ ભારે વરસાદ થવાથી વલસાડ નગરપાલિકા હદમાં આવેલ નીચાણવાળા વિસ્તારોમાં ઔરંગા નદીના પુરના પાણી ભરાયેલ. સદરહુ અતિભારે પડેલ વરસાદના કારણે વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા વિસ્તારોમાં રસ્તાઓને ખુબજ નુકશાન થયેલ છે અને રસ્તાઓ ખરાબ થવાથી શહેરીજનોને અવર-જવર કરવામાં ખુબજ મુશ્કેલીનો સામનો કરવા પડે છે. તેમજ વરસાદના કારણે ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવા અંગેની સભ્યશ્રીઓ તેમજ શહેરીજનોની મૌખિક રજૂઆતો આવતી હોવાથી સદરહુ ખરાબ થયેલ રસ્તાઓ ઉપર શહેરીજનો સરળતાથી અવર-જવર કરી શકે તેવું આયોજન હાથ ધરવાનું થાય છે. જેથી સદરહુ કામે ખરાબ થયેલ રસ્તાઓને જી.એસ.બી.મટીરીયલ્સ તેમજ મેટલ મટીરીયલ્સ નાખી રસ્તાઓને મરામતની કામગીરી હાથ ધરવાની થાય છે. જેથી સદરહુ કામે વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે બાંધકામ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે કા.સ.ઠ.નં-૩૮/૧૪-૦૬-૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ ભાવોથી એજન્સી પાસેથી મટીરીયલ્સ સપ્લાય કરવાની કામગીરી કરવાની થાય છે. અને ઉપરોક્ત આવેલ કુદરતી આપતિને ધ્યાને લઈ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા વિસ્તારોમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવાના કામે અંદાજિત રૂ|.૩૫.૦૦ લાખની ખર્ચની મર્યાદામાં કામગીરી કરાવવાનું આયોજન કરવાનું નક્કી કરેલ છે.

જેથી ઉપરોક્ત બાબતને ધ્યાને લઈ વરસાદથી ખરાબ થયેલ નુકશાન પામેલ રસ્તાઓને જરૂરીયાત મુજબ રીપેરીંગ કરાવવાના કામે કા.સ.ઠ.નં-૩૮/૧૪-૦૬-૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ ભાવોથી એજન્સી ભરતકુમાર એ.ઓડેદરા,વલસાડને જરૂરી વર્કઓર્ડર આપી કામગીરી કરાવવાનું તેમજ તે અંગેનો થનાર ખર્ચ રૂ|.૩૫.૦૦ લાખ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૪.

વિષય :- કા.સ.ઠ.નં.૧૮૭/તા:૧૯/૧૦/૨૦૨૦ થી મંજુર થયેલ ભાવોથી એમક્ય સીકયુરીટી,સુરતનું સીકયુરીટી ગોઠવણ કરવા અંગેનું કામનો થનાર ખર્ચ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ.:

કારોબારી સમીતી ઠરાવ નં-૧૮૭/તા.૧૯-૧૦-૨૦૨૦ની ભલામણ મુજબ, સને : ૨૦૨૨-૨૩ ના વર્ષમાં વલસાડ નગરપાલિકા હસ્તકની જુદી-જુદી મિલકતો માટે સીક્યોરીટી ગાર્ડની ગોઠવણ કરવાના કામે ટેન્ડર મંગાવવામાં આવેલ ન હોય, અને સદરહુ મિલકતોની જાળવણી કરવી ખુબજ આવશ્યક હોય , જેથી સદરહુ બાબતને ધ્યાને લઈ નગરપાલિકા હસ્તકની જુદી-જુદી મિલકતો માટે સીક્યોરીટી ગાર્ડની ગોઠવણ કરવાના કામે એજન્સીશ્રી એમકય સીકયુરીટીસ , ૪૫-શિવદર્શન રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરતનું ઓનલાઈન ટેન્ડર કારોબારી સમીતી ઠરાવ નં-૧૮૭/તા.૧૯-૧૦-૨૦૨૦ થી મંજૂર થયેલ ભાવોથી સને : ૨૦૨૨-૨૩ ના વર્ષમાં નીચે જણાવ્યા મુજબની નગરપાલિકા હસ્તકની મિલકતો ઉપર જણાવ્યા મુજબના શીફ્ટમાં સીક્યોરીટીગાર્ડની ગોઠવણ કરવા માટે એજન્સીશ્રી એમકય સીકયુરીટીસ , ૪૫-શિવદર્શન રો હાઉસ , તાડવાડી, રાંદેર રોડ , સુરત પાસેથી કામગીરી કરાવવાનું તેમજ તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તાર | | સીકયોરીટી ગાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શ્રી મોરારજી દેસાઇ મ્યુઝીયમ | (દિવસ તેમજ રાત્રી દરમ્યાન) | ૦૨ |
| ૨ | સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | (દિવસ તેમજ રાત્રી દરમ્યાન) | ૦૨ |
| ૩ | નગરપાલિકા કચેરી | (દિવસ તેમજ રાત્રી દરમ્યાન) | ૦૨ |
| ૪ | રાખોડીયા તળાવ ગાર્ડન | (દિવસ તેમજ રાત્રી દરમ્યાન) | ૦૨ |

સ.મ.મંજુર..

કામ નં.-૧૫.

વિષય.: કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ ,ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88 (2021-22) હેઠળ ગ્રાન્ટ અન્વયે રૂા.૧૯,૦૦,૭૯૦/- પુરાની ગ્રાન્ટની રકમમાંથી નવા વિકાસલક્ષી કામોનું આયોજન કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પંકજભાઈ ટી.આહિર

ઠરાવ :

સામાન્ય સભા-૧૬૫/તા:૦૭/૦૩/૨૦૨૨ માં સદર ગ્રાન્ટના કામોનો સમાવેશ થઈ ગયેલ હોય , જેથી કશું કરવાનું રહેતું નથી.

સ.મ.મંજુર..

કામ નં.-૧૬.

વિષય.: કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ ,ના.સરકારશ્રીની ૧૫ મું નાણાંપંચની યોજના (૨૦૨૦-૨૧) હેઠળ ગ્રાન્ટ અન્વયે રૂ|.૭૭,૧૫,૮૭૭/- પુરાની ગ્રાન્ટની રકમમાંથી નવા વિકાસલક્ષી કામોનું આયોજન કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઋષિકાકુમારી પી.આહિર

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના. સરકારશ્રીની ૧૫મું નાણાપંચની યોજના (૨૦૨૦-૨૧ )હેઠળ ગુજરાત મ્યુની.ફા.બોર્ડ,ગાંધીનગરના હુકમ નં.(૧) મફબ / યુ-૨/૧૫ મું નાણાપંચ /પ્રથમ હપ્તો /૨૦૨૦-૨૧ / ૭૫૨૩/તા.: ૦૧-૦૬-૨૦૨૦ અને (૨) મફબ / યુ-૨ /૧૫ મું નાણાપંચ/ બીજો હપ્તો (અનટાઈડ)/૨૦૨૦ -૨૧ / ૫૪૪૫ /તા.:૦૮-૦૩-૨૦૨૧ એમ મળી કુલ-૩,૦૮,૦૦૪૭૨/- પુરાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ. સદરહું ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે જનરલ બોર્ડ ઠરાવ નં.૩૪/તા.:૩૧-૦૭-૨૦૨૧થી કુલ-૨૧ વિકાસલક્ષી કામો મંજુર કરવામાં આવેલ. જે મંજુર કરવામાં આવેલ કામો અન્વયે ૦૧ કામ ખાનગી જણાતા કુલ-૨૦ કામો કરવા માટે સરકારશ્રીમાં જરૂરી તાંત્રિક મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ. જે અન્વયે પ્રાદેશિક કમિશ્નરની કચેરી,સુરત દવારા તા.:09 -૧૨-૨૦૨૧ના રોજ જરૂરી સ્થળ તપાસ કરતાં કુલ-૨૦ કામો પૈકી ૦૭ કામો રદ કરી ૧૩ કામોની તાંત્રિક મંજુરી આપવામાં આવેલ. અને આપવામાં આવેલ તાંત્રિક મજુરી મુજબ અત્રેની કચેરીના ચીફ ઓફીસરશ્રી, વલસાડ દવારા વહીવટી જાવક નં.૪૨૭૫/તા.:૨૦-૦૧-૨૦૨૨ થી કુલ-૧૩ કામોની રૂ.૨,૦૨,૮૪,૨૯૫/- પુરાથી વહીવટી મંજુરી આપવામાં આવેલ. તેમજ પ્રાદેશિક કમિશ્નરની કચેરી, સુરતના પત્ર ક્રમાંક : RCMO /SRT /૧૫ મું નાણાપંચ / (અનટાઈડ)/૨૦૨૦ -૨૧/ વહીવટી/ DEXN-૧ / વશી-૯૨ /૨૦૨૨/તા.:૩૧-૦૫-૨૦૨૨ ,જા.નં.૫૭૪૨ થી ૫૭૪૯ થી પીવાના પાણીના કામો કરવા અંગેના કુલ-૦૫ કામોની રૂ.૨૮,૦૦,300/- થી જરૂરી વહીવટી મંજુરી આપવામાં આવેલ.

ઉપરોક્ત સરકારશ્રી દવારા ફાળવવામાં આવેલ કુલ ગ્રાન્ટ પૈકી રૂ.૭૭,૧૫,૮૭૭/-પુરાની ગ્રાન્ટનું આયોજન કરવાનું કરવાનું થાય છે. જેથી સદરહુ આયોજન કરવાની ગ્રાન્ટ અન્વયે નવા વિકાસલક્ષી કામો નક્કી કરવા અંગેની સત્તા પ્રમુખશ્રી તથા ચેરમેનશ્રી કારોબારી સમિતિને આપી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૭.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ, અમૃત ૨.૦ હેઠળ અમૃત સરોવર હેઠળના મંજુર થયેલ પ્રોજેક્ટ માટે ગુજરાત શહેરી વિકાસ મિશન,ગાંધીનગર હેઠળ Empenelled થયેલ “ હિમાદ્રી એન્વાયરો પ્રોટેક્શન પ્રાઇવેટ લિમિટેડ, અમદાવાદ” ને કન્સલટન્ટ તરીકે નિમણુંક કરવા તેમજ કન્સલટન્ટ ફીના ચુકવણું કરવા ખર્ચ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી વિમલ એસ.ગજધર

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , સરકારશ્રીની અમૃત યોજના 2.0 યોજના હેઠળ અમૃત સરોવર મહોત્સવ હેઠળ SPECIAL STATE WATER ACTION PLAN (SWAP) સ્ટેટ હાઇ પાવર સ્ટીયરીંગ કમિટીમાં (SHPSC) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં આવેલ મોગરાવાડી ખાતે મોટા તળાવ ડેવલપમેન્ટ કરવાને કામે રૂા.પ.૪૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી કરવા માટે ગુજરાત શહેરી વિકાસ મિશન ,ગાંધીનગરના તા.૨૦-૦૬-૨૦૨૨ ના રોજના ઇ-મેઈલમાં જણાવ્યા મુજબ GUDM દ્વારા નિયત કરવામાં આવેલ Empanelled કન્સ્લટન્ટના નિયત કરેલ ભાવોથી ઉપરોક્ત કામે કન્સ્લટન્ટશ્રીની નિમણુક કરવા જણાવેલ છે. સદરહુ બાબતે GUDM,ગાંધીનગરના પત્રક્રમાંક : GUDM/Tech/SJMMSVY/2019/102/340/12-02-2020 ના પત્રમાં જણાવ્યા મુજબ સુરત ઝોન અને વડોદરા ઝોનમાં કુલ-૦3 કન્સ્લટન્ટની નિમણૂક આપવામાં આવેલ છે તેમજ સદરહુ પત્રમાં જણાવ્યા મુજબ " with the condition that fresh agreement shall be executed with ULB & consultant, as per the approved rates of GUDM. initially, the payment will be done by the ULBs can appoint any of the empaneled consultants regardless the zone wise distribution shown in the empanelment list." એમ જણાવેલ છે. જેથી સદરહુ બાબતે નિમણૂક આપવામાં આવેલ કન્સ્લટન્ટ પૈકી "હિમાદ્રી એન્વયરો પ્રોટેક્ષણ કન્સલટન્ટ પાઈવેટ લિમિટેડ , અમદાવાદ" ને અમૃત સરોવર માટે ઉપરોક્ત જણાવેલ પ્રોજેકટ તેમજ અમૃત સરોવર હેઠળ મંજૂર થનાર અન્ય પ્રોજેક્ટની કામગીરી માટે કન્સ્લટન્ટ તરીકે નિમણૂક આપવા માટે તેમજ નિમણૂક કરવામાં આવનાર કન્સ્લટન્ટશ્રીને નિયમોનુસાર બીલ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૮.

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , અમૃત ૨.૦ હેઠળ ડ્રેનેજ, વોટર સપ્લાય,ગ્રીન સ્પેસ તેમજ વોટર બોડી રીજ્વ્યુનીશેનમાં મંજુર થયેલ પ્રોજેક્ટ માટે ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર હેઠળ Empenelled થયેલ “ હિમાદ્રી એન્વાયરો પ્રોટેક્શન પ્રાઇવેટ લિમિટેડ,અમદાવાદ” ને કન્સલટન્ટ તરીકે નિમણુંક કરવા તેમજ કન્સલટન્ટ ફીના ચુકવણું કરવા ખર્ચ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી વર્ષાબેન એ.પાનવાલા

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , સરકારશ્રીની અમૃત યોજના 2.0 યોજના હેઠળ City Water Action Plan (CWBP) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં આવેલ વોટર સપ્લાય, ડ્રેનેજ, વોટર બોડી રીજ્યુવીનેશન તથા ગ્રીન સ્પેસ(ગાર્ડન) અંગેના પ્રોજેકટ મંજુર કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી કરવા માટે ગુજરાત શહેરી વિકાસ મિશન,ગાંધીનગરના નિયત કરવામાં આવેલ Empanelled કન્સ્લટન્ટના નિયત કરેલ ભાવોથી ઉપરોક્ત કામે કન્સ્લટન્ટશ્રીની નિમણુક કરવા જણાવેલ છે. સદરહુ બાબતે GUDM,ગાંધીનગરના પત્રક્રમાંક : GUDM/AMRUT 2.0/DPR Preperation/1555, તા.૧૭-૦૬-૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા મુજબ સુરત ઝોન અને વડોદરા ઝોનમાં કુલ-૦૩ કન્સ્લટન્ટની નિમણૂક આપવામાં આવેલ છે તેમજ સદરહુ પત્રમાં જણાવ્યા મુજબ " with the condition that fresh agreement shall be executed with ULB & consultant, as per the approved rates of GUDM. initially, the payment will be done by the ULBs can appoint any of the empaneled consultants regardless the zone wise distribution shown in the empanelment list." એમ જણાવેલ છે. જેથી સદરહુ બાબતે નિમણૂક આપવામાં આવેલ કન્સ્લટન્ટ પૈકી "હિમાદ્રી એન્વયરો પ્રોટેક્ષણ કન્સલટન્ટ પાઈવેટ લિમિટેડ , અમદાવાદ" ને વોટર સપ્લાય , ડ્રેનેજ, વોટર બોડી રીજ્યુવીનેશન તથા ગ્રીન સ્પેસ(ગાર્ડન) પ્રોજેકટની કામગીરી માટે કન્સ્લટન્ટ તરીકે નિમણૂક આપવા માટે તેમજ નિમણૂક કરવામાં આવનાર કન્સ્લટન્ટશ્રીને નિયમોનુસારનું ચૂકવણું કરવા માટેનો ખર્ચ મંજૂર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૯.

વિષય સરકારશ્રીની અમૃત યોજના હેઠળ નવીન નગર સેવા સદનની બાજુમાં આવેલ મલ્ટી લેવલ પાર્કિંગમાં પે એન્ડ પાર્ક શરૂ કરવા અંગે બનાવવામાં આવેલ ટેન્ડર અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી સતિષભાઇ બી.પટેલ

ઠરાવ.:

કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ નવીન નગર સેવા સદનની બાજુમાં આવેલ ટી.પી.ફા.પ્લોટ નં-૧૨૦/૧ વાળી જગ્યામાં ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમમાળનું આર.સી.સી. મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે. અને સદરહુ પાર્કિંગ બાંધકામનું કામ પૂર્ણતાને આરે હોય, જેથી સદરહુ મલ્ટીલેવલ પાર્કિંગને કાર્યરત કરવાનું જરૂરી આયોજન કરવાનું થાય છે. જેથી સદરહુ બાબતે જરૂરી 'પે એન્ડ પાર્કિંગ' શરૂ કરવા માટે જરૂરી પાર્કિંગ દર તેમજ શરતો નક્કી કરી એજન્સીને નિમણૂક આપવામાં આવે તો નગરપાલિકાની આવકમાં વધારો થાય એમ છે. જેથી સદરહુ બાબતોને ધ્યાને લઈ ઉપરોક્ત જણાવેલ મલ્ટીલેવલ પાર્કિંગના દર તેમજ શરતોનું ટેન્ડર બનાવી વાર્ષિક ઓછામાં ઓછી પરવાના ફી રૂ.૧૩ ,૭૯,૭૦૦/- નક્કી કરી 03 (ત્રણ) વર્ષ માટે એજન્સીને નિમણૂક આપવા માટે ઓનલાઈન ટેન્ડર કરી આગળની કાર્યવાહી કરવાનું તેમજ સદરહુ બાબતે વલસાડ નગરપાલિકા હદમાં સ્ટેશન રોડ વિસ્તારમાં નગરપાલિકા હસ્તકના ટી.પી.ફા.પ્લોટ નં-૧૨૭ વાળા ખુલ્લા પાર્કિંગ પ્લોટમાં પણ 'પે એન્ડ પાર્ક' ની સુવિધા શરૂ કરવા માટે જણાવેલ દર તેમજ શરતોનું ટેન્ડર બનાવી વાર્ષિક ઓછામાં ઓછી પરવાના ફી રૂ.૫,૬૨,૧૦૦/- નક્કી કરી 03 (ત્રણ) વર્ષ માટે એજન્સીને નિમણૂક આપવા માટે ઓનલાઈન ટેન્ડર કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં , વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ 'ON STREET' પાર્કિંગની જગ્યા ઉપલબ્ધ હોય, સદરહુ જગ્યાઓ ઉપર પણ 'પે એન્ડ પાર્ક' ની સુવિધા શરૂ કરવામાં આવે તો નગરપાલિકામાં આવકમાં વધારો થાય એમ છે. તો સદરહુ બાબતને ધ્યાને લઈ પોલીસ કચેરીના સંકલનમાં રહી પાર્કિંગ પોલીસી બનાવી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| 2 Wheelers | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
|---|---|---|---|---|---|
| | Rs.10 | Rs.15 | Rs.20 | Rs.25 | Rs.40 |

| | **0 to 6 hours** | **6 to 12 hours** | **12 to 18 hours** | **18 to 24 hours** |
|---|---|---|---|---|
| 3 Wheelers | Rs.20 | Rs.30 | Rs.45 | Rs.65 |
| Cars | Rs.25 | Rs.40 | Rs.60 | Rs.90 |

**Note : For more than 24 Hours, parking charges shall be computer based on the additional duration of parking as increment from 0. Bicycles and handicapped modified vehicles shall not be charged for parking.**

સ.મ.મંજુર..

કામ નં.-૨૦ .

વિષય :- કા.સ.તા:-૦૧/૦૭/૨૦૨૨ ની ભલામણ મુજબ , એજન્સીશ્રી પ્રો પેટરોન બારડોલી પાસેથી ૨૫ કિ.ગ્રા.પેકિંગવાળી ચૂનાની બેગ નંગ-૬૦૦ ખરીદેલ જેનું આવેલ બીલ રૂ.૭૦,૮૦૦/- મંજુર કરવા બાબત..

